જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૨૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી ૨૫૨ લીટર દેશી દારૂ, ૧૪૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૪ બિયર ટીન, ૧ ઓટોરિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૨૧૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૨૧૮/૧૫**

**શહેરકોટડા :** વિરમભાઇ સરતનભાઇ રબારી (ઉ.વ.૫૪)(રહે, મંગળ ગીરધરની ચાલી, કુટ માર્કટની સામે, વિજયમીલ નરોડા રોડ) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૫ રાતનાં ૧૧/૦૦ થી તા.૩૧/૧૦/૧૫ સવારનાં ૭/૦૦ વાગ્યા સુધી સમયગાળા દરમ્યાન વિજયમીલ પેટ્રોલપંપ સામે કુટ માર્કટની બાજુમાં આવેલ કિશન દયાલ કોમ્પલેક્ષના ભોયરામાં રહેતાં રાજુભાઇ ખેમાભાઇ પરમાર તથા શારદાબેન માંગીલાલ લખારા (મારવાડી) નાઓને કોઇ અજાણ્યા ઇસમે કોઇ અગમ્ય કારણસર રાજુભાઇને ગળાના નીચેના ભાગે તિક્ષ્ણ હથિયારથી તથા માથાના ભાગે બોથડ પદાર્થથી ઇજા કરી તેમજ શારદાબેનને બોથડ પદાર્થથી કપાળના ભાગે ઇજાઓ કરી બંનેના મોત નિપજાવી નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ.પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

**ચાંદખેડા :** ગોપાલભાઇ હિરાનંદ થાવાણી(ઉ.વ.૬૫)(રહે.સોરાબજી કમ્પાઉન્ડ, હુડ્કો ફલેટ, વાડજ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૨૦૧૫ ના કલાક ૧/૦૦ થી સવારનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ચાંદખેડા ગામ પાસેથી રીયલ ઔરા ફલેટ પાસેથી જતા રસ્તા આગળની ઝાડીઓમાં ગોપાલભાઇના નોકર મહેશભાઈ રાવળ(ઉ.વ.૨૪) ને કોઈ અજાણ્યો ઈસમ (જેનું નામ-ઠામ જાણવા મળેલ નથી) ગડદાપાટુનો માર મારી તેમજ માથાના ભાગે લાકડીથી ગંભીર ઈજાઓ કરી બેભાન હાલતમાં મૂકી ભાગી ગયો હતો. મહેશભાઇને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતાં, જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૦/૨૦૧૫ ના કલાક ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ છે. આ ગુનાની તપાસ.પો.ઇ.શ્રી કે.કે.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૧૯/૧૫**

**કૃષ્ણનગરઃ** શિવકુમાર ધજારી ઝા (રહે.પ્રિયા સીનેમા પાસે કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૦/૧૫ રાતના ૮/૩૦ થી તા.૩૦/૧૦/૧૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન આભુષણ જવેલર્સ ડેડનો સ્ટુલ કંપનીના ઓફીનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી રોકડ રૂપિયા ૫૩,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી ડી વી ખરાડી ચાલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૦/૧૫**

**ચાંદખેડાઃ** મયુર ધનશ્યામભાઈ પંચાલ (રહે.ગણેશ જેનેશીરા જગતપુર ચાંદખેડા) એ તા.૩૦/૧૦/૧૫ સવારના ૧૦/૦૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદખેડા સંગાથ મોલની પાછળ સંગાની આદીત્ય હાઈટસ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાનું ચોરી કરી લઇ ગઈ છે. આ અંગેની ફરીયાદ મયુર પંચાલે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી એમ કે બાંગા ચાલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૧/૧૫**

**નવરંગપુરાઃ** જશોદાબહેન પ્રકાશભાઈ જૈન (ઉ.વ.૪૮) (રહે.અમર એપાર્ટમેન્ટ જયમંગલ બસ સ્ટેન્ડની બાજુમાં મંગલમુર્તિ રોડ નારણપુરા) તા.૩૦/૧૦/૧૫ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા આશ્રમ રોડ ઈન્કમટેક્ષ ઓફીસના દરવાજા નજીકથી પુત્રીના એકસેસ સ્કૂટર પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) જશોદાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જશોદાબહેન જૈને નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી કે ગૌસ્વામી ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** સરોદનબેન પ્રવિણભાઇ શાહ ઉ.વ ૬૦ રહે બી/૧૩ જીનેશ્વરનગર ટેના. કાંતિપાર્ક સામે છાયા ફ્લેટ રોડ ઘાટલોડીયા) તા.૨૯/૧૦/૧૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે ઘાટલોડીયા જીનેશ્વરનગર ટેનામેન્ટના ભેરૂજીના બંગલા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સરોદનબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોદનબહેન શાહે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ એન બારીયા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૨/૧૫**

**રામોલઃ** ચિરાગભાઈ રમેશભાઈ ચૌધરી (રહે.અરનાથ વિભાગ-૨ અર્બુદાનગર ઓઢવ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૦/૧૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાલ ચાર રસ્તાથી આગળ ભારત પેટ્રોલપંપ આગળથી ચિરાગભાઈના મામા રમેશભાઇ ડાહ્યાભાઇ ચૌધરી (ઉ.વ.૩૮) મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રમેશભાઇના મોટર સાયકલને ટક્કર મારતા, ગંભીર ઈજાઓ થતા, તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ એ દેસાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહ્ત્યાઃ-</u>　　<u>સમાચાર યાદી નં.૨૨૨૩/૧૫</u>

**શહેરકોટડાઃ** કાંતીભાઈ મંગળદાસ પરમાર (ઉ.વ.૬૫)(રહે.અશોકમીલની જુની અનિલ સ્ટાર્ચ મીલ) એ બીમારીથી કંટાળી તા.૩૦/૧૦/૧૫ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જઈ આત્મહ્ત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જયદીપસિહ બળવંતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)